
# છ મીટરની બોટમાં 21 મહિનામાં 50 હજાર કિલોમીટરની સફર

**05** ઓક્ટો. 2013ના રોજ ફ્રાન્સના સેવેલ્સ ધ અલોનથી યાત્રાનો પ્રારંભ

**15** કલાક સુધી સતત વરસાદમાં સંઘર્ષો વચ્ચે અનેક વખત સફર કરી

**20** દિવસમાં ચવાને એટલાન્ટિક મહાસાગર પાર કર્યો હતો



સ્વિટઝર્લેન્ડના ખલાસી ચવાન બોર્ગ્નોને સાડા છ મીટરની સેલિંગ બોટ 'ફોર્મ્યુલા વન'થી આખી દુનિયાનું ભ્રમણ કર્યું છે. તેમાં 21 મહિનાનો સમય લાગ્યો છે. તેની સફર ફ્રાન્સના ઓસ્ટ્રેહમમાં પૂરી થઈ જે ઓક્ટોબર 2013માં ફ્રાન્સના સેલેબ્સ ધ ઓલોનથી શરૂ થઈ હતી. આ દરમિયાન તેણે એટલાન્ટિક, પેસિફિક અને હિન્દ મહાસાગર પાર કર્યા અને સંખ્યાબંધ જોખમોનો સામનો કર્યો.



**ચવાને** જણાવ્યું હતું કે, ઘણી વખત એવા તબક્કા આવ્યા જ્યારે એવું પણ લાગ્યું કે જીવન અહીં જ સમેટાઇ જશે. હું એટલાન્ટિક અને પેસિફિક મહાસાગર પાર કરીને હિન્દ મહાસાગર પહોંચ્યો હતો. શ્રીલંકા નજીક બોટ પથ્થર સાથે ટકરાતા ઘણું નુકસાન થયું. હું પાટિયાના સહારે તરતો રહ્યો. જેમતેમ કરીને કિનારે પહોંચ્યો અને પૈસા એકઠા કરીને હોડીનું સમારકામ કરી ફરી સફર શરૂ કરી. સુમાત્રા નજીક વરસાદના તોફાનમાં પણ ફસાયો હતો. 120 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા હોડીની દિશા 120 અંશ સુધી બદલાઇ ગઈ હતી.

# 3-ડી ટેકનિકથી કિશોરનું જડબું ફરી બનાવાયું

પીટીઆઇ.દુબઇ

અબુધાબીમાં સર્જનોએ 16 વર્ષના એક કિશોરના ચહેરામાં થયેલી મોટી અને ઘાતક ગાંઠ કાઢીને 3-ડી ટેકનોલોજીની મદદથી સફળતાપૂર્વક તેનું જડબું ફરી તૈયાર કર્યું છે. ડોક્ટરોની ટીમે ઓપરેશન પહેલાં, તે દરમિયાન અને ઓપરેશન પછી ઓપરેટીવ ગાઈડ તરીકે ઉપયોગમાં લેવા માટે કિશોરના ચહેરાના હાડપિંજરનું 3-ડી વર્ચ્યુઅલ મોડલ તૈયાર કર્યું હતું. ઓપરેશન પહેલાં કિશોરનાં જડબાની અદલ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી જેની મદદથી ડોક્ટરોએ કિશોરના થાપાના ભાગેથી હાડકાં લઈને ખૂબ જ માઈક્રો સર્જરી દ્વારા તે હાડકાંને જડબાંની જગ્યાએ લગાવ્યાં હતાં. મફરાક હોસ્પિટલમાં ડો.જ્હોન ડેવીનના વડપણ હેઠળ ડોક્ટરોની ટીમે મહંમદ અલ મઝીમ નામના કિશોરના ચહેરામાં ઓપરેશન કર્યું હતું.

# સવાસન વખતે 'પ્રભુ'નું નિદ્રાસન



એજન્સી.કોચ્ચિ

યોગ દિવસે રેલવેપ્રધાન સુરેશ પ્રભુ આસન કરતાં-કરતાં સૂઈ ગયા હતા. કોચ્ચિમાં યોગ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા પ્રભુ સવાસન પછી પણ જ્યારે આસન પૂરા થયા બાદ પણ નહોતા જાગ્યા ત્યારે ઈન્સ્ટ્રક્ટર તેમની પાસે પહોંચ્યા હતા. તેમણે જોયું કે પ્રધાનશ્રી તો સૂઈ ગયા છે.તેથી તેમણે તેમને જગાડ્યા હતા. કેટલાક લોકોએ આ દ્રશ્યને કેમેરામાં કેદ કરી લીધું હતું. સોશિયલ મીડિયા પર પણ તેમની તસવીરો આવી ગઇ હતી. જે ઘણી ચાલી રહી છે. અમુક અખબારોમાં પણ આ ફોટો છપાયો છે. આ ફોટા અંગે સોશિયલ મીડિયામાં અનેક ટીપ્પણીઓ થઇ રહી છે.

## મુસ્લિમ પર્સનલ લો બોર્ડે મુસ્લિમ સંગઠનોને ચેતવ્યાં

**ઓલ** ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ અને મુસ્લિમ સંગઠનો અને ઇમામોને એવાં સંગઠનો સામે ચેતવ્યા છે જેઓ મુસ્લિમ આસ્થા પર હુમલો કરી રહ્યા છે. એક પત્રમાં બોર્ડે મોદી સરકાર પર યોગ અને સૂર્ય નમસ્કાર જેવા કાર્યક્રમો લાગુ કરીને બંધારણની અવગણના કરવાનો અને આરએસએસનો એજન્ડા લાદવાનો આરોપ લગાવ્યો છે. બોર્ડના કાર્યકારી સચિવ મૌલાના વલી રહેમાનીએ કહ્યું હતું કે સ્કૂલોમાં વંદે માતરમ અને સૂર્ય નમસ્કાર શરૂ કરાવવા પણ તેનો જ ભાગ છે.

**યોગ વિરોધીઓ પાક. જાય : સાધ્વી પ્રાચી** વિશ્વ હિન્દુ પરિષદની નેતા સાધ્વી પ્રાચીએ યોગનો વિરોધ કરનારા લોકો અંગે કહ્યું છે કે આવા લોકોએ પાકિસ્તાન જતા રહેવું જોઇએ. આવા લોકોને દેશમાં રહેવાનો કોઇ હક નથી.

# ઉ.પ્ર.માં ધારાસભ્યની ભેંસો ચોરાતા પોલીસ ટીમ કામે લાગી

## બરેલીમાં ફાર્મહાઉસમાંથી ચોર 9 ભેંસ લઈ ગયા

ભાસ્કર ન્યૂઝ નેટવર્ક . બરેલી

ઉત્તરપ્રદેશ પોલીસ ફરી એક વખત વીઆઈપી ભેંસોની શોધખોળમાં લાગી ગઈ છે. આ વખતે મામલો ભાજપના ધારાસભ્ય ધર્મપાલસિંહ સાથે સંકળાયેલા છે. બરેલીના ત્રણ પોલીસ સ્ટેશનની પોલીસ ભેંસોના ચોરોની શોધખોળ કરી રહી છે.

ધારાસભ્યના ફાર્મહાઉસ પર સોમવારે કેટલાક ચોર ત્રાટક્યા હતા અને નોકરને બાંધીને નવ ભેંસો ઉઠાવી ગયા હતા. ચોર નાસી ગયા બાદ નોકરે પોલીસને આ જાણકારી આપી હતી. તુરંત આખો કાફલો ભેંસના ચોરોની શોધખોળમાં લાગી ગયો હતો.

આસપાસના જિલ્લામાં પણ ચોરીની માહિતી આપવામાં આવી હતી. પોલીસ કાફલો ઠેરઠેર દરોડા પાડી તલાશી લઈ રહ્યો છે. પૂછપરછ પણ ચાલી રહી છે. આસપાસના પોલીસ સ્ટેશનોની ટીમો પણ દોડતી થઈ ગઈ છે પરંતુ કોઈ સફળતા મળી નથી.

### મંત્રી આઝમની ભેંસો ચોરનારની ધરપકડ

**ઉ.પ્રદેશમાં** લગભગ દોઢ વર્ષ પહેલાં મંત્રી આઝમ ખાનની ભેંસો ચોરનારાને પોલીસે સોમવારે ઝડપી લીધો છે. રામપુર ડેરી ફાર્મમાંથી 31 જાન્યુઆરી 2014ના રોજ આઝમની સાત ભેંસ ચોરાઈ હતી. આ મામલે બેદરકારી રાખનારા કેટલાક પોલીસ કર્મીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે.

સ્ટોન ક્લિનિક
દરેક પ્રકારની પથરીની સારવાર
કિડની/યુરેટર/બ્લેડર/પિત્તાશય/પિત્તની નળી/સ્વાદુપિંડ
કિડનીની પથરીનું ઓપરેશન વગર સારવાર
હોલ્મીઅમ લેસર (જર્મની) દ્વારા પથરીની અદ્યતન સારવાર ઉપલબ્ધ
દર બુધવારે મફત સલાહ અને રાહત દરે ઓપરેશન લીથોટ્રીપ્સી રૂા.5000/-
પારેખ્સ હોસ્પિટલ
શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ.
ફોન : ૯૪૨૭૭૧૦૭૪૯

શું તમે ટાલ, ખોડો, વાળ ખરવા, છેડા ત્રુટક રહેવા, વાળનું અકાળે સફેદ થવું,...જેવી વાળની સમસ્યાઓથી ચિંતીત છો?
સર્જરી વગર શ્રેષ્ઠ સારવાર દ્વારા નવા કુદરતી વાળ મૂળમાંથી ઉગાડી શકાય છે.
Condition Apply
ખરતાં વાળનો એક જ ઉપાય 9377245992 / 9638088999
પુરુષ હોય કે સ્ત્રી, આપના વાળને લગતી તમામ સમસ્યાઓનું નિદાન તારા ક્લિનીકમાં શકાય છે.

કબજીયાત એ રોગોનું ઘર છે
કાયમ ટેબલેટ

On Line Store : www.shethbrothersestore.com
/ShethBrothersIndia
કબજીયાત, એસિડિટી, ગેસ, માથાનો દુખાવો, મોઢામાં ચાંદા વિ. માં રાહત આપી સ્ફૂર્તિમય દિવસ પસાર કરવાની પ્રેરણા આપે છે
કાયમ ટેબલેટ રાત્રે લ્યો, સવારથી સ્ફૂર્તિમાં રહો.
કાયમ ચૂર્ણવાળા શેઠ બ્રધર્સનું ઉત્પાદન


PROLASIK CLINIC
નંબર દૂર કરવાની સર્જરીમાં સુરક્ષાનાં ભોગે બ્લેડનો ઉપયોગ ન થવા દો.
સામાન્ય લેસિક સર્જરીમાં બ્લેડના ઉપયોગ થી થતા જોખમો:
• અચોક્કસ પરિણામો • દ્રષ્ટિને હાનિ પહોંચડતા કાપા
• બ્લેડના રીયૂઝ થી થતા ઈન્ફલેમેશન અને ઈન્ફેક્શન્સ
બ્લેડ ફ્રી સર્જરી જ કરાવો.
તમારી આંખો સુરક્ષિત રાખો.
ભારતનું એક્સક્લ્યુઝીવ બ્લેડ-ફ્રી લેસિક સેન્ટર
• દુનિયાની સૌથી સુરક્ષિત બ્લેડ-ફ્રી લેસિક ટેક્નોલૉજી • એડવાન્સ્ડ પ્રિ-ઑપ. નિદાન
• US FDA પ્રમાણિત ડિસ્પોઝિબલ્સ નો ઉપયોગ • વિશ્વસ્તરિય એવૉર્ડ મેળવેલ ડૉક્ટર્સ
રઘુદીપ આઈ હોસ્પિટલ: ડ્રાઈવ-ઈન સિનેમા સામે, અમદાવાદ
કૉલ: +91 79 4040 0909 અથવા raghudeepeyehospital.com પર માહિતી મેળવો
RAGHUDEEP™ EYE HOSPITAL

એન્જિનીયરિંગ અને મેનેજમેન્ટ કોર્સેસ માટે એડમિશનની પ્રક્રિયા શરૂ
adani

તમે ઊભા છો કરીઅરના ક્રોસરોડ્સ પર. ચાલો દેશના માર્ગ પર.

વિદ્યાર્થીઓ માટે મેરિટ આધારિત આકર્ષક સ્કોલરશિપ્સ ઉપલબ્ધ
ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રનું ભારતનું આ પ્રકારનું સૌપ્રથમ ઇન્સ્ટિટ્યૂટ
ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્જિનીયરિંગ અને ઇલેક્ટ્રિકલ એન્જિનીયરિંગમાં GTU સંલગ્ન 4 વર્ષનો અન્ડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ
ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટમાં 2 વર્ષનો ફુલ ટાઇમ PGDM
અનુભવી પ્રોફેશનલ્સ માટે 15 મહિનાનો ફુલ ટાઇમ એક્ઝિક્યુટિવ PGDM
ઉદ્યોગ જગત સાથે સઘન જોડાણ અને સંપર્ક
વિશ્વસ્તરીય કરિક્યુલમ, લાઇવ પ્રોજેક્ટ્સ સહિત
AICTE માન્ય
દેશમાં આજે 'મેક ઇન ઇન્ડિયા'નો નાદ ગૂંજી રહ્યો છે. દેશને આજે જરૂર છે પ્રતિભાવાન, કૌશલ્યબદ્ધ યુવાનોની, જે આ માટે સંગીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી શકે. દેશને જરૂર છે આશાસ્પદ, ઊર્જાસભર યુવાનોની, જે ભારતની વિકાસયાત્રામાં યોગદાન આપવા તત્પર હોય. દેશને જરૂર છે તમારી. અને બદલામાં દેશ તમને આપશે એક ઉજ્જવળ કારકિર્દી ઉપરાંત, 'નેશન બિલ્ડર' બનવાનું આજીવન ગૌરવ.
અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર આવા 'નેશન બિલ્ડર્સ' નું ઘડતર કરવા સમર્પિત છે. મેનેજમેન્ટ અને એન્જિનીયરિંગ ક્ષેત્રનું આ એક અનોખું ઇન્સ્ટિટ્યૂટ છે, જે ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ અને તેના મેનેજમેન્ટમાં સ્પેશ્યલાઇઝેશન ધરાવતી ઉત્કૃષ્ટ પ્રતિભાઓનું ઘડતર કરવા માટે કટિબદ્ધ છે. અમારી વેબસાઇટની મુલાકાત લો, અને જાણો અમારા કરિક્યુલમ અને ઓફરિંગ્સ વિશે.
પરંતુ સૌથી મહત્ત્વની વાત છે – તમારા જીવનનો ધ્યેય શું છે? તમારે નોકરી જોઈએ છે? કરીઅર જોઈએ છે? કે પછી ભારતના ઇતિહાસમાં સ્થાન?
be the nation builders
Utopeia/AdaniAll/1501
અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર
શાંતિગ્રામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઇવે, ખોડિયાર ગામ, પી.ઓ. અડાલજ, અમદાવાદ – 382 421, ગુજરાત, ભારત. ફોન નં.: 079-25556591 / 92
કોન્ટેક્ટ પર્સન: ચેતન બાજપાઈ, બિઝનેસ હેડ, ઇન્ડસ્ટ્રી રિલેશન્સ,
ફોન નં.: 079-25555204, +91-90999 00466
મેનેજમેન્ટ – ઈ-મેઇલ: admissions@aiim.ac.in | વેબસાઇટ: www.aiim.ac.in
એન્જિનીયરિંગ – ઈ-મેઇલ: admissions@aiie.ac.in | વેબસાઇટ: www.aiie.ac.in
Adani Institute of Infrastructure
Management • Engineering
Building the nation builders